
**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૩.૦ ડીગ્રી
લઘુતમ : ૧૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૮ ટકા ● સાંજે ૫૧ ટકા

# દિવાળીમાં ઘરને સજાવવા શહેરીજનો તત્પર





ગાંધીનગર, તા.૧૦

દિવાળી આવી રહી છે ત્યારે આ કોરોના દિવાળીમાં પણ ઘરને સજાવી રાખીને દિવાળીનું વાતાવરણ ક્રીએટ કરી દિવાળીને ઉજવવાની છે તેમ શહેરીજનો વાત કરી રહ્યા છે ત્યારે જો વિડિયોકોલ મારફતે વર્ચ્યુઅલી જ પરિવારજનો અને મિત્રોને મળવાનું છે ત્યારે ઘરનો સજાવી બેકગ્રાઉન્ડ ડેકોરેટીવ બનાવવા માટે શહેરીજનો અલગ અલગ આઈડિયા અપનાવી રહ્યા છે.

આ વર્ષે બહારગામ જવાની કે પરીવારને રૂબરૂ જઈ મળવાની જગ્યાએ મોટા ભાગના શહેરીજનો ઘરે જ વર્ચ્યુઅલ દિવાળી ઉજવવાના છે ત્યારે ઘરને શણગારીને જ દિવાળી તહેવાર માણવાનો હોવાથી તમામ શહેરીજનો ઘરનો શણગારવા લાગી ગયા છે. જેમાં કેન્ડલ લેમ્પ, લેમ્પ, ફલાવર તોરણ, કચ્છી તોરણ, મોતીના તોરણ, ફાયર લેમ્પ સાથે અઢળક ચીજવસ્તુઓ શહેરમાં મળતી થઈ છે તથા અમુક શહેરીજનો હોમ મેડ લેમ્પસ, ફલાવર તોરણ કે કેન્ડલ્સ બનાવી રહ્યા છે. જેમાં થ્રેડ વર્ક સાથે કચ્છી તોરણ ટ્રેન્ડમાં છે આ સાથે હાથે ભરેલ થ્રેડ વર્કના પેચથી બનેલા તોરણ અને લિપણ આર્ટનો પણ ક્રેઝ છે જે હવે દરેક પોતાના ઘરમાં જાતે જ પેઈન્ટ કરી રહ્યા છે. આમ, ભલે કોરોનાકાળમાં આવતી દિવાળી છે પણ ઘરનો સજાવવા માટે દરેક શહેરીજનો તત્પર છે.

## આજે રમા એકાદશી
## શહેરના ઘરે ઘરે આજથી દીવા પ્રગટશે

ભગવાન શ્રીકૃષ્ણએ ભગવત ગીતાના દશમા અધ્યાયમાં કહ્યું છે કે કારતક માસ તેને અતિ પ્રિય છે. આ માસની અધિષ્ઠાત્રી દેવી રાધા રાની છે. કૃષ્ણ ભગવાનને સર્વેથી પ્રિય રાધા છે. એટલે કૃષ્ણ ભગવાન માટે આસો માસની પૂર્ણિમાથી શરૂ થતો કારતક માસ શ્રેષ્ઠ છે અને કારતક માસમાં જ ગોપાષ્ઠમી, રમા એકાદશી, વાઘબારસ, ધનતેરસ, કાળી ચૌદશ, દીપાવલી, બેસતું વર્ષ, ભાઈબીજ, લાભપાંચમ, જલારામ જયંતિ જેવા તહેવાર આવે છે.

દિવાળીની શરૂઆત એકાદશીથી જ થાય છે. એકાદશીના દિવસથી ઘરે ઘરે દીવડા ઝગમગવા લાગે છે. આ દિવસોમાં આવતી એકાદશી એટલે રમા એકાદશી. રમા એટલે લક્ષ્મી. લક્ષ્મીજીના આઠ નામ છે. સંતાન લક્ષ્મી, વિજય, વિદ્યા, ધન, ગજ, ધૈર્ય, ધાન, આદિલ લક્ષ્મી. કારતક માસમાં ચાંદ કૃતિકા નક્ષત્રમાં હોય છે તેથી આ નામ પડયું છે તેવી એક માન્યતા પણ છે.

આજે લક્ષ્મીજીની સાથે વિષ્ણુ ભગવાનની પૂજા કરવાથી ધન વર્ષા અને શુભ-લાભની પ્રાપ્તિ થાય છે. ભગવાન વિષ્ણુ હંમેશા યોગ નિંદ્રામાં શયન કરતા અને કારતક માસની આ એકાદશીએ ભગવાન જાગ્યા તેથી આ એકાદશી રમા એકાદશીના નામથી ઓળખાય છે. આ ઉપરાંત વાર્તા સાંભળી આ દિવસે ઘરે સુંદરકાંડ, ભજન કે ગીતાના પાઠ કરવાથી પાપોનો નાશ થાય છે. આ દિવસના દિવસે ઉપવાસ કરવાથી કામધેનુ અને ચિંતામણીની સમાન ફળની પ્રાપ્તિ થાય છે સાથે જીવનમાં સુખ સમૃધ્ધિનો વધારો થાય છે. મા લક્ષ્મી વ્રત કરનારથી પ્રસન્ન થઈને તેમની મનોકામના પૂર્ણ કરે છે અને વિષ્ણુજીની કૃપા રમા એકાદશીનું વ્રત કરનાર પર બની રહે છે તેવું માનવામાં આવે છે.

# સે-૨૩ સ્વામિનારાયણ મંદિરે દિવાળી પર્વના કાર્યક્રમોનું આયોજન

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનરના સેકટર-૨૩ ખાતેના શ્રી સ્વામિનારાયણ મંદિરના શાસ્ત્રી સ્વામી હરિકેશવદાસજી દ્વારા આગામી દિવાળીનું પર્વ 'ભગતની દિવાળી' બને તે માટે સદભાવ, સ્નેહ, સંપ, સંસ્કાર અને સત્સંગના પાંચ દિવા જે 'જગતની દિવાળી'થી ઉપર ઉઠીને હૈયામાં દિવા પ્રગટાવવા આહવાન કરવા સાથે દિવાળીના તહેવારોના દિવસોમાં મંદિરમાં યોજાનારા કાર્યક્રમોની રૂપરેખા જાહેર કરવામાં આવી છે.

શહેરના સેકટર-૨૩ ખાતેના શ્રી સ્વામિનારાયણ મંદિરે દિવાળીના દર્શન કાર્યક્રમ મુજબ તા. ૧૩ નવેમ્બર શુક્રવારે ધનતેરસના દર્શન, તા. ૧૪મી નવેમ્બરે શનિવારે સાંજે ૭.૧૫ કલાકે શ્રી હનુમાનજીનું વિધિ સહિત વિશેષ પૂજન, ઘેર બેઠા સમૂહ આરતી, આશીર્વાદનો ઓનલાઈન લાભ પ્રાપ્ત થશે. આ પછી તા. ૧૪મી નવેમ્બર શનિવારે દિવાળી, તા. ૧૫મી નવેમ્બર રવિવારે અન્નકૂટ મહોત્સવમાં સવારે ૯.૩૦ કલાકે આરતી અને ૯.૩૦ થી ૧૨.૩૦ સુધી અન્નકૂટ દર્શન યોજાશે. આ પ્રસંગે સ્વાસ્થ સુરક્ષાના હેતુથી સરકારની કોવિડ-૧૯ની ગાઈડલાઈન અનુસાર દર્શન વ્યવસ્થા કરવામાં આવશે. આ પછી તા. ૧૬મી નવેમ્બર સોમવારે નૂતન વર્ષ નિમિત્તે સવારે ૬ કલાકે મંગળા આરતી દર્શન તથા મંગળ આશીર્વાદનો ઓનલાઈન લાભ પ્રાપ્ત થઈ શકશે. આ દિવસે સવારે ૭ થી ૧૧ અને સાંજે ૪ થી ૬ દરમિયાન સાકર વર્ષાનો પ્રસાદ પ્રાપ્ત થશે. મંદિરના તમામ મંગળ કાર્યક્રમોના લાઈવ દર્શનનો લાભ www.hkshastri.org પર ઉપલબ્ધ રહેશે.



ગાંધીનગર શહેર સેકટરોની આંટી ઘૂંટીવાળું શહેર છે. વર્ષોથી અહીં રહેતા વસાહતીઓને તો સેકટરોની આંટીઘૂંટીની ખબર જ છે પરંતુ બહારથી આવનારાઓ માટે કયારેક આ શહેર ભુલભુલૈયા જેવું લાગે છે. એટલે જ શહેરમાં ઠેર ઠેર દિશાસૂચક બોર્ડ લગાવવામાં આવ્યા છે. પરંતુ કેટલાક તોફાની તત્વો આ દિશાસૂચક બોર્ડ સાથે ચેડાં કરતા પણ અચકાતા નથી. ખ રોડથી વાવોલ જવાના માર્ગે રેલ્વે સ્ટેશનનું બોર્ડ તુટલી હાલતમાં જોવા મળી રહ્યું છે.

# ગાંધીનગરના ડુંગરી ગરાસિયા સેવા સમાજ ટ્રસ્ટની પાવતીબુકો ખોવાઈ

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગરના શ્રી ડુંગરી ગરાસિયા સેવા સમાજ ટ્રસ્ટની સંસ્થાના નામ સરનામાવાળી સભ્ય નોંધણી અને ફંડ-દાન એકત્રિત કરવા માટેની પાવતી બુકો નંગ-૨ ખોવાઈ જવા પામી છે. આ બંનો પાવતીબુકો ઉર્જાનગર ધોળાકુવાથી ચ-૦ થઈને સેકટર-૨ સ્વામિનારાયણ મંદિર થઈ ઈન્ફોસિટી તરફ જવાના માર્ગે જે થેલીમાં હતી તેની સાથે પડી જવા પામી છે. ગુમ થયેલી પાવતી બુકો પર શ્રી ડુંગરી ગરાસિયા સેવા સમાજ ટ્રસ્ટ, ગુજરાત રાજય ગાંધીનગર નોંધણી નં. એ-૨૨૧, તા. ૨૨-૮-૨૦૦૪ નોંધણીની વિગતો ઉપરાંત સંસ્થાનું સરનામું, પ્લોટ નં. ૧૦૩/૨, સેકટર-૩-એ ન્યુ છાપેલું છે અને એક પાવતી બુકમાં સિરિયલ નં. ૮૪૦૧ થી ૮૪૫૦ અને બીજી પાવતી બુકમાં સિરિયલ નં. ૮૪૫૧ થી ૮૫૦૦ છાપેલો છે.

આ પાવતીબુક સહિતની થેલી જે કોઈ વ્યકિતને મળે તોમણે સંસ્થાના પ્રમુખ ભરતભાઈ મોડિયાને પ્લોટ નં. ૨૫૫/૨, સેકટર-૨-બી, ગાંધીનગર ખાતે અથવા મો.નં. ૯૭૧૨૭૩૨૪૫૬ પર સંપર્ક સાધી પહોંચાડવા અનુરોધ કરવામાં આવ્યો છે.

# છેલ્લા છ માસથી ગાંધીનગર સિવિલનું પાર્કિંગ બંધ હાલતમાં

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં છેલ્લા છ માસથી પાર્કિંગ બંધ હાલતમાં છે. સિવિલ તંત્ર દ્વારા જે તે સમયે પાર્કિંગનો રૂ.૫૦ હજારથી પણ વધુ રૂપીયાનો કોન્ટ્રાકટ અપાયો છે. પરંતુ કોરોના કાળમાં નહીવત વાહનો પાર્કિંગ માટે આવતા કોન્ટ્રાકટર કામ કરતા વ્યકિતનો પણ પગાર ચુકવી શકતા નથી તેવી હાલત છે. તો સિવિલ તંત્રને તો નિયત મુજબ રૂપીયા કેવી રીતે ચુકવી શકે. જયારે પાર્કિંગ કાર્યરત કરવા માટે સિવિલ તંત્ર દ્વારા કામગીરી હાથ પર ધરાઈ છે. ત્યારે પાર્કિંગ કયારે શરુ થશે તે આગામી સમય બતાવશે. જયારે પાર્કિંગ બંધ રહેતા સિવિલને હજ્જારો રૂપીયાની ખોટ ખાવાનો પણ વારો આવ્યો છે.

કોરોના સમય પહેલા ગાંધીનગર સિવિલ ધમધમતી હતી. ઓપીડી અને ઈન્ડોર બિલ્ડીંગમાં દર્દીઓથી ભરાયેલી જોવા મળતી હતી. જેથી દર્દીઓની ખબર અંતર પુછવા માટે સ્નેહીજનો પણ મોટીસંખ્યામાં આવતા હતા. જેથી સિવિલમાં વાહનાનો ખડકલો ના થાય તે માટે પાર્કિંગમાં વાહન મુકવામાં આવતા હતા. મળતી વિગત મુજબ વિવિધ વાહનો માટે દર નિયત કરાયા હતા. વાહન પાર્કિંગનું ટેન્ડર જે તે સમયે રૂ.૫૦ હજારથી પણ વધુનું ખુલ્યું હતું. ત્યારબાદ જે તે કોન્ટ્રાકટર પાર્કિંગની વ્યવસ્થા સંભાળતા પણ હતા.પરંતુ કોરોનાનો કહેર આવતા સિવિલમાં નહીવત સ્ટાફ અને વ્યકિતો દેખાવા લાગ્યા હતા. સિવિલ તંત્રએ નિયત કરેલા ટેન્ડરના રૂપીયા તો એક બાજુ પરંતુ નોકરી કરતા કર્મચારીઓનો પણ પગાર નીકળતો ન હતો. જેને પગલે કોન્ટ્રાકટર છેલ્લા છ માસથી સિવિલ પાર્કિંગને રામરામ કરી જતા રહ્યા હોય તેમ લાગી રહ્યું છે. ત્યારે હવે સિવિલ તંત્રએ પાર્કિંગ માટે ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવી પડે અથવા અન્ય કોઈ વ્યકિતને ચલાવવા માટે આપે તેવી સ્થિતિ ઉભી થવા પામી છે. ત્યારે સિવિલમાં હાલના સમયે તો પાર્કિંગ ના રૂપીયા બંધ હોવાથી સિવિલને પણ છેલ્લા કેટલાક સમયથી ખોટ ખાવાનો વારો આવે છે. ત્યારે સિવિલ તંત્ર પાર્કિંગ અંગે યોગ્ય રસ દાખવીને ઝડપી કાર્યવાહી કરે તે ઈચ્છનીય છે.

# ટાઈમ્સ-ઈમર્જીંગ આઈકોન-૨૦૨૦ એવોર્ડના ગાંધીનગરમાં બે વિજેતા

ગાંધીનગર, તા.૧૦

તાજેતરમાં ગુજરાતના નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલની





ઉપસ્થિતિમાં ટાઈમ્સ ઈમર્જીંગ આઈકોન્સ ૨૦૨૦ એવોર્ડ વિતરણ સમારંભ યોજાયો હતો. આ સમારંભમાં ગાંધીનગરના ઉમંગ પટેલને તબીબી શિક્ષણ ક્ષેત્રે અને નિસર્ગ પટેલ, જય વોરા તથા હુસેન દાઉદીના પિઝેટેરિયાને હોસ્પિટાલિટી કેટેગરીમાં સન્માનિત કરવામાં આવ્યા છે.

ગાંધીનગરમાં છેલ્લા ૧૫ વર્ષથી હજારો વિદ્યાર્થીઓના ડોકટર બનવાના સપનાંને સાકાર કરતી સંસ્થા 'મેકિંગ ડોકટર્સ ઓર્ગેનાઈઝેશન' તથા 'ડૉ. ભાટીયા મેડિકલ કોચીંગ ઈન્સ્ટિટયુટ'ના ડાયરેકટર ઉમંગ પટેલને રાજયના નાયબ મુખ્યમંત્રી તથા આરોગ્યમંત્રી નીતિનભાઈ પટેલના હસ્તે તા. ૭મી નવમ્બરે ટાઈમ્સ ઓફ ઈન્ડિયા ઈમર્જીંગ આઈકોન્સ ઓફ ગુજરાત ૨૦૨૦ના એવોડથી સન્માનવામાં આવ્યા હતા. કોરોના જેવી મહામારીના કાળમાં પણ પોઝિટિવિટીના પરસેવાથી વિદ્યાર્થીઓનું સતત ધ્યાન રાખી તેમજ નવા રસ્તાઓ અને નવી તકો ઉભી કરી આગળ વધી રહેલા એમડીઓ તથા ડીબીએમસીઆઈ-ગુજરાતના પ્રયાસોને આ એવોર્ડ થકી પ્રોત્સાહન પ્રાપ્ત થયું છે. ઉમંગ પટેલે આ એવોર્ડ વિદેશમાં મેડિકલ અભ્યાસ કરી રહેલા વિદ્યાર્થીઓ તેમજ તેમના પર વિશ્વાસ મુકવાવાળા વાલીઓને તથા મેડિકલમાં પ્રવેશ માટે માર્ગદર્શન આપવાવાળા તબીબો, એજ્યુકેશનલ એક્સપર્ટસ અને કેરિયર કાઉન્સિલર્સની ટીમનો સહિયારો એવોર્ડ ગણાવ્યો હતો.

આ ઉપરાંત હોસ્પિટાલિટી ક્ષેત્રે ટાઈમ્સ ઓફ ઈંડિયા -ઈમર્જીંગ આઈકોન ઓફ ગુજરાત ૨૦૨૦ એવોર્ડ પ્રાપ્ત કરનારા પિઝા ચેઈન 'પિઝેટેરિયા'ની પેરેન્ટ કંપની ટેસ્ટી થ્રીલ્સ એલએલપી વતી એવોર્ડ નિસર્ગ પટેલ, જય વોરા તથા હુસેન દાઉદી દ્વારા સ્વીકારવામાં આવ્યો હતો.

# આજે સળંગ ૨૯૦ આયંબિલ પછી સાધ્વી પૂ.ચિત્તપ્રસન્ન પ્રિયાશ્રીજીના પારણાં યોજાશે

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગરના શ્રી શ્વેતાંબર જૈન સંઘ સ્થિત ગચ્છાધિપતિના સમુદાયના નૂતન દીક્ષિત પ્રશિષ્યા સાધ્વી પૂ.ચિત્તપ્રસન્ન પ્રિયાશ્રીજીને દીક્ષા દિનથી આયંબિલ તપ ચાલુ છે. લગભગ સળંગ ૨૯૦ આયંબિલ થયાં છે. તેઓની હાલ તબિયતની અનુકૂળતા ના હોવાથી અચાનક પારણું કરવાનું થતાં આવતી કાલે તા.૧૧ નવેમ્બર બુધવારે તેમના પારણાંનું આયોજન કરવામાં આવ્યું છે. આ નિમિત્તે આચાર્ય પૂ. અરહંતપ્રભ સૂરીશ્વરજી સહિત અન્ય સાધુ સાધ્વીજી ભગવંત દેરાસરથી સવારે ૬.૪૫ કલાકે પ્લોટ ન ૫૨૩/૨, આવકાર ટેનામેન્ટ્સ સેક્ટર-૨૧ ખાતે પધારી રહ્યા છે. આ પ્રસંગે સકળ સંઘને દેરાસર પધારી જોડાવા નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# ગુજરાત સાયન્સ સિટી દ્વારા વર્લ્ડ સાયન્સ ડે નિમિત્તે વિશેષ વેબિનારનું આયોજન કરાયું



ગાંધીનગર, તા.૧૦

આપણા રોજિંદા જીવનમાં વિજ્ઞાનના મહત્વ અને સુસંગતતા માટે ૧૦ નવેમ્બરના રોજ વર્લ્ડ સાયન્સ ડેના ઉજવવામાં આવે છે. તે સમાજમાં વિજ્ઞાનની નોંધપાત્ર ભૂમિકા અને વિજ્ઞાનિક મુદ્દાઓ પરની ચર્ચાઓમાં વધુ લોકોને જોડવાની જરૂરિયાત પર ભાર મૂકે છે. ગુજરાત સાયન્સ સિટી દ્વારા આ નિમિત્તે ડો.રાજેન્દ્ર ખિમાની સાથે વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

શાંતિ અને વિકાસ માટેના વર્લ્ડ સાયન્સ ડેનો હેતુ નાગરિકોને વિજ્ઞાન ક્ષેત્રે થતાં વિકાસથી માહિતગાર કરવાનો છે. તે આપણા ઘર તરીકે ઓળખાતા નોંધપાત્ર,નાજુક ગ્રહ વિશેની આપણી સમજને વિસ્તૃત કરવામાં અને આપણા સમાજને વધુ ટકાઉ બનાવવા માટે વિજ્ઞાનિકોની ભૂમિકાને પણ દર્શાવે છે.

જ્યારે વિશ્વ વૈશ્વિક કોવિડ -૧૯ મહામારી સાથે સંઘર્ષ કરી રહ્યું છે ત્યારે વર્લ્ડ સાયન્સ ડે ૨૦૨૦ની થીમ 'વૈશ્વિક મહામારી સાથે વ્યવહાર કરવા સમાજ માટે અને સમાજ સાથે વિજ્ઞાન' છે.

ડો. રાજેન્દ્ર ખિમાણીએ કહ્યું હતું કે, 'વર્લ્ડ સાયન્સ ડે દિવસ લોકોને યાદ અપાવે છે કે વિજ્ઞાનનો અંતિમ હેતુ સુખ લાવવા અને લોકોના જીવનને વધુ સારું બનાવવાનો છે.'

અંતે તેમણે ઉમેર્યુ કે, 'વિજ્ઞાનમાં મજા છે. વિજ્ઞાનમાં જિજ્ઞાસા છે. આપણા સૌમાં પ્રાકૃતિક જિજ્ઞાસા છે. વિજ્ઞાન એ સંશોધનની પ્રક્રિયા છે. તે પ્રશ્નો રજૂ કરે છે અને એક પદ્ધતિ આપે છે. તેમાં આનંદ છે.'

# ભાટ હત્યા કેસમાં ત્રણ આરોપીની ધરપકડ

## આરોપીઓને કોર્ટમાં રજુ કરતા તેઓના ૧૫મી સુધીના રિમાન્ડ મંજુર

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર નજીક સરદાર પટેલ રીંગ રોડ પર ભાટ ટોલટેક્ષ નજીક ગત તા.૩૦ ઓકટોબરના રોજ એક અજાણ્યા યુવકનો મૃતદેહ મળી આવ્યો હતો. ઈન્ફોસીટી પોલીસે સોશિયલ ગ્રુપમાં મેસેજ ફરતા કરતા મૃતક યુવાન અમદાવાદના રામોલ વિસ્તારનો હોવાનું સામે આવ્યું હતું. જયારે મૃતકનું નામ જયેશ સુરેશભાઈ કોષ્ટી (આસોપાલવ સોસાયટી, અશ્વમેઘ સ્કુલની સામે,સીટીએમ) હોવાનું પોલીસના ધ્યાને આવ્યું હતું. મૃતકના શરીર પર તીક્ષ્ણ હથીયારના ચાર જેટલા ઘા હતા.જેથી ઈન્ફોસીટી પોલીસે હત્યાનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી હતી.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ મૃતક જયેશને ઘર પાસે રહેતા મિત્ર હેપ્પી હરીભાઈ રબારી (ઉં.૨૨ રહે,વરવાભાઈની ચાલી) અને સંદીપ ધીરુભાઈ રબારી (ઉં.૨૪ રહે, ભાગ્યોદયનગર ખોખરા) અને ધવલ ઉર્ફે ધીરજ ઉર્ફે ભુવાજી પ્રભાતભાઈ રબારી (રહે.૨૪ શુભલક્ષ્મી સોસાયટી આંબલીયાસણ), સાથે



નાણાકીય લેવડ-દેવડમાં રકઝક ચાલી રહી હતી. પોલીસે ત્રણેય યુવકના ઘરે તપાસ કરતા તેઓ ફરાર હોવાનું સામે આવ્યું હતું. જેથી ઈન્ફોસીટી પીઆઈ ડી.જી.તડવી, હેડ કોન્સ્ટેબલ મૃગેન્દ્રસિંહ, કોન્સ્ટેબલ મહેન્દ્રભાઈ, સુનિલભાઈ, દિલિપસિંહ, સિધ્ધરાજસિંહ, વિજયકુમાર, શેખરભાઈ, દિનેશભાઈ અને રોહિતભાઈ સહિતની ટીમે આરોપીઓને પકડી પાડવા માટે તપાસ હાથ ધરી હતી. આરોપીઓને શોધી કાઢવા માટે પોલીસે તમામ પ્રયત્નો હાથ ધર્યા હતા. તે દરમિયાન પોલીસને ખાનગી રાહે બાતમી મળી હતી કે આરોપીઓ મહેસાણાથી અડાલજ થઈને ગાંધીનગર તરફ આવવાના છે. જેથી પોલીસે અલગ અલગ ટીમો બનાવી વિવિધ જગ્યાએ વોચમાં હતા. તે સમયે પોલીસે ઉવારસદ ચોકડી પાસેથી એક કારમાંથી ત્રણેયને પકડી પાડ્યા હતા. પ્રાથમિક તપાસમાં રૂપીયાની લેતીદેતીમાં મૃતક સાત લાખ રૂપીયા આપતો ન હતો. જેને પગલે તેઓની વચ્ચે છેલ્લા કેટલાક સમયથી બોલાચાલી ચાલી રહી હતી. જેને પગલે આરોપીઓએ હત્યાના દિવસે તેને હિસાબ કરવા માટે બોલાવીને પોતાની ગાડીમાં ભાટ ટોલનાકા પાસે આવ્યા હતા. જયાં હેપ્પી અને સંદીપે મૃતકને પકડી રાખ્યો હતો અને ધીરજે છરી વડે હુમલો કર્યો હતો. પોલીસે આરોપીઓને કોર્ટમાં રજુ કરતા તેઓના ૧૫ મી સુધીના રિમાન્ડ મંજુર થયા છે. જેથી પોલીસે તેમની પુછતાછ શરુ કરી છે. જેમાં રૂપીયા કે કોઈ વેપાર અંગે માથાકુટ ચાલી રહી હતી કે ઉધારી બાબતે આ સાથે હત્યામાં વપરાયેલી છરી અને વાહન તેમજ અન્ય આરોપીઓની સંડોવણી છે કે કેમ તે અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# આ વર્ષે ઝુંડાલ સ્થિત હનુમાનજી મંદિરનો લોકમેળો બંધ

ગાંધીનગર, તા.૧૦

દિવાળી પર્વ નજીકમાં છે અને કોરોનાનો કહેર હજુ શમ્યો નથી. વળી સરકારની ગાઈડલાઈનનું પણ પાલન કરવું જરુરી છે. આથી વર્તમાન પરિસ્થિતિને કારણે ઝુંડાલ ગામ સ્થિત હનુમાનજી મંદિરનો લોકમેળો તથા રાસ ગરબાનો કાર્યક્રમ બંધ રાખવામાં આવ્યો છે તેમ મંદિરના સેક્રેટરી આઈ.વી. પટેલ દ્વારા જણાવાયું છે.

## ચિરવિદાય

● રુદ્રભૂમિ અંતિમધામ ●

● સ્વ. પ્રજાપતિ જોયતીબેન બબાભાઈ, ઉ.વ. ૯૫, મુ. તારાપુર, તા.જી. ગાંધીનગર